# અરવલ્લી જિલ્લામાં વધુ ૩ શંકાસ્પદ સ્વાઈન ફલુના દર્દીઓ મળી આવ્યા

એક દર્દી અમદાવાદ ખસેડાયો અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ ના જણાવ્યા અનુસાર જિલ્લામાં વધુ ૩ શંકાસ્પદ સ્વાઈનફલુ ના દર્દીઓ મળી આવ્યા હતા જેમાં ધનસુરા તાલુકાના રાજપુર ગામના યુવાન દર્દીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો જયારે ૨ દર્દીઓ ને મોડાસાની ખાનગી હોસ્પિટલ માં સઘન સારવાર આપવામાં આવી રહી છે.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરની અલંકાર સોસાયટી માં રહેતા યુવાન અને કાજનકંપનાં પટેલ યુવાન ને શંકાસ્પદ સ્વાઈનફ્લુના લક્ષણો જનતા મોડાસા ની ખાનગી હોસ્પિટલ માં સારવાર અપાઈ રહી છે જયારે ધનસુરા તાલુકાના રાજપુરગામના ૪૦ વર્ષીય વ્યક્તિ ને શંકાસ્પદ સ્વાઈનફલુ ના લક્ષણો જનતા અને તબિયત લથડતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયો હતો જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ત્રણેય દર્દીઓ ના રહેઠાણ વિસ્તારમાં અને પરિવારજનો માં સર્વે હાથધરી સર્વલન્સે હેઠળ ધ્યાન રાખઈ રહ્યું છે.

# ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં રક્તદાન કેમ્પ યોજાયો

ભિલોડા,તા.૨૨

ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં રક્તદાન કેમ્પ યોજાયો હતો.ભારત દેશના ભુતપુર્વ વડાપ્રધાન સ્વ.રાજીવ ગાંધીની ૭૩મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે અરવલ્લી જીલ્લા યુવક કોંગ્રેસ હોદ્દેદારો, કાર્યકરો અને ભિલોડા કોટેઝ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાયો હતો. યુવાનોએ રક્તદાન કરી માનવતાના મહાયજ્ઞમાં ફાળો આપ્યો હતો. રૂરલ સોર્સ બિઝનેસ સર્વિસ લી. ભિલોડાના સ્ટાફે ઉત્સાહભેર રક્તદાનમાં ભાગ લીધો હતો.



ભિલોડા-મેઘરજ વિધાનસભા ધારાસભ્ય ડાં. અનિલભાઈ જોષીયારા, જીલ્લા પંચાયત સદસ્ય ચિમનભાઈ કટારા, પુર્વ જીલ્લા પંચાયત સદસ્ય ઈન્દ્રવિજયસિંહ રાઠોડ, શાંમળભાઈ ભાંભી, કાંતીલાલ ખરાડી, જીતુભાઈ બરંડા, સમીરભાઈ પંડ્યા, અનિલભાઈ અસારી, સતિષભાઈ પટેલ, કંદર્પભાઈ પટેલ, હિતેશભાઈ પરમાર, અરવલ્લી જીલ્લા યુવક કોંગ્રેસની ટીમ, કોટેઝ હોસ્પિટલ ઈન્ચા. અધિક્ષક ડી.ડી.ડામોર, જયંતીભાઈ શર્મા સહિત કોટેઝ હોસ્પિટલનો સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો. ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં રક્તદાન કેમ્પને સફળ બનાવવા યુવક કોંગ્રેસના હોદ્દેદારો, કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# પ્રાંતિજ તાલુકાના પિલુદા પ્રાથમિક શાળાનું ગૌરવ

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પિલુદા પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી કલા મહાકુંભમાં તબલાવાદનમાં તાલુકા કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ પ્રથમ આવતાં શાળાનું ગૌરવ વધાર્યુ છે.



પિલુદા પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી પ્રિન્સ નરેશકુમાર રાઠોડ કલા મહાકુંભમાં તબલાવાદન તાલુકાકક્ષાએ પ્રથમ આવ્યો હતો અને જિલ્લાકક્ષાએ ભાગ લીધો હતો. જેમાં સમગ્ર જિલ્લામાં પણ પ્રથમ આવી રાજયકક્ષાએ ભાગ લેવા જશે. ત્યારે ૧૫મી ઓગસ્ટના રોજ ગામના સરપંચ, સભ્યો, એસએમસીના સભ્યો, શિક્ષકો, વાલીઓ અને ગ્રામજનોની હાજરીમાં ગામનું ગૌરવ તથા શાળાનું ગૌરવ વધારવા બદલ શાળાના આચાર્ય રોજેશકુમાર એચ. પંડયા તથા ડાં. કેયુરભાઈ પ્રજાપતિ દ્વારા પ્રિન્સ રાઠોડનું સન્માન કરવામાં આવ્યું હતું અને અભિનંદન પાઠવ્યા હતા.

# શિક્ષક બનવાના એક હજાર કારણ આપી શકું : ડૉ. સંતોષ દેવકર

મોડાસા, તા. ૨૨

સરકારી બી.એડ. કોલેજ મેઘરજ ખાતે પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. અરવલ્લી જિલ્લાના ના. શિક્ષણાધિકારી સમીરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. કેળવણીકાર અને કટારલેખક ડૉ. સંતોષ દેવકરે કી નોટ વક્તવ્ય આપ્યું હતું. સંસ્થાના આચાર્ય ડૉ. ગાયત્રીબેન પટેલે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. પ્રિ. સંજયભાઈ જોશી, પ્રિ. અનિલભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. પ્રાર્થના-સ્વાગત ગીત-ભજનની પ્રસ્તુતી કરવામાં આવી હતી.

ડૉ. સંતોષ દેવકરે કહ્યું હતું કે શિક્ષક એક એવી વ્યક્તિ છે જેના હાથ નીચેથી તમામને પસાર થવું પડે છે. શિક્ષક બનવાના એક હજાર કારણો આપી શકું છું. શિક્ષક એ પ્રભુએ મનુષ્ય પર મૂકેલા વિશ્વાસનું પ્રતિક છે. નાયબ ડીપીઈઓ સમીરભાઈએ ભાવિ શિક્ષકોને બાળક સુધી પહોંચવાની વાત કરી હતી. કાર્યક્રમમાં ભાવિ શિક્ષકો, વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના આચાર્યા ડૉ. ગાયત્રીબેન પટેલે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. તાલીમાર્થીઓએ સુંદર પ્રાર્થના તથા કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. પ્રાધ્યાપક ટીમે સુંદર માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

# ઉત્તર ગુજરાતમાં બેન્ક હડતાલથી ૯૦૦ કરોડનું ક્લિયરિંગ ખોરવાયું

## બેન્ક હડતાળથી પ્રજાજનોને હાલાકી : રાષ્ટ્રીયકૃત બેંકોના મર્જર અને પગાર વધારા અને ખાનગીકરણ સહિતના મુદ્દે વિરોધ

મોડાસા, તા. ૨૨

યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનીયન દ્વારા ૨૨ ઓગસ્ટે દેશવ્યાપી બેન્ક એલાન હડતાલમાં ઉત્તરગુજરાતની તમામ રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ હડતાલમાં જોડાતા તમામ બેંકો બંધ રહેતા બેન્કિંગ સેવા ખોરવાઈ હતી. અરવલ્લી, સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા, પાટણ જિલ્લામાં અંદાજે ૯૦૦ કરોડ રૂપિયાના વહેવારો ખોરવાઈ ગયા હતા. ઉત્તરગુજરાતની ખાનગી અને સહકારી બેન્કના કર્મચારીઓ હડતાળથી દૂર રહેતા મહદઅંશે લોકોએ રાહત અનુભવી હતી. અરવલ્લી જિલ્લાની ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનો હડતાલથી અજાણ હોવાથી બેંકોના ધરમધક્કા પડ્યા હતા.













ઉત્તર ગુજરાત સહીત અરવલ્લી જિલ્લામાં મંગળવારે રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓ હડતાલમાં જોડાતા અંદાજે ૯૦૦ કરોડ રૂપિયાથી વધુના બેન્ક વહેવારો ખોરવાયા હતા. અરવલ્લી જિલ્લાના બેન્ક કર્મચારીઓના જણાવ્યા અનુસાર જાહેરક્ષેત્રની વિલીનીકરણ તેમજ બેન્ક કર્મચારીઓ અધિકારીઓની વેતન સુધારણા, બેન્કિંગ કાનૂન, મજુર કાયદા, ખાનગીકરણ, પેન્શન સહીત ૧૨ જેટલી માંગોને લઈને મેનેજમેન્ટ કે સરકાર દ્વારા કોઈ આશ્વાસન મળતું નથી અને યોગ્ય જવાબ ન મળતા ના છૂટકે હડતાલ પર ઉતરવાની ફરજ પડી હતી અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાની ૧૫૦ જેટલી રાષ્ટ્રીયકૃત બેંકો બંધ રહેતા અંદાજિત ૧૫૦ કરોડ રૂપિયાનું ક્લિયરન્સ અટકી પડતા ધંધા-રોજગારને માંઠી અસર પહોંચી હતી. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ખાનગી અને સહકારી બેંકોના કર્મચારીઓ અળગા રહેતા પ્રજાજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. અરવલ્લી જિલ્લાના પ્રજાજનો બેન્ક હડતાલથી અજાણ રહેતા તાલુકા મથકે આવેલી બેંકોમાં રૂપિયાની લેવડ-દેવડ માટે પહોંચ્યા હતા અને બેન્ક હડતાલના લટકેલા પાટિયા અને શટરો બંધ જોતા નિરાશ થયી બેંક પાસે બેઠેલા જોવા મળતા હતા. મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી સરકારી સહાય મળે તે માટે બેંકમાં ખાતા હોવા જરૂરી હોવાથી એક પરિવારના તમામ સભ્યો મોડાસાની બેન્ક ઓફ ઈન્ડિયા શાખામાં પહોંચ્યા હતા પરંતુ બેંક બંધ જોતા સમય, મજૂરી અને આવવા જવાના ભાડા માથે પડતા અને ફરીથી ધરમધક્કા ખાવા પડશે જેથી નિરાશ બની ગયો હતો.

# મોડાસાના સાકરીયા ગામે છાશવારે વીજળી ડૂલ થતા ભારે આક્રોશ

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં ચાલતી વીજતંત્રની લાલીયાવાડીથી લોકો તોબા પોકારી ઉઠ્યા છે. મોડાસા તાલુકાના જ્યોતિગ્રામ યોજનામાં સમાવિષ્ટ સાકરીયા ગામમાં છેલ્લા બે મહિનાથી દિવસમાં વારંવાર વીજપુરવઠો ખોરવાતા અને બે-ત્રણ કલાક બાદ વીજપુરવઠો પૂર્વરત થતા ગામલોકો વારંવાર મોડાસા વીજકચેરીમાં રજુઆત અને ફરિયાદ કરવા છતાં યોગ્ય નિરાકરણ ના આવતા મંગળવારે મોટી સંખ્યામાં ગ્રામજનો મોડાસા યુ.જી.વી. સી.એલ કચેરી ધસી આવ્યા હતા અને હાજર એન્જીનીયરને આવેદનપત્ર આપી લાઈટના પ્રશ્નનું ઝડપી નિરાકરણ નહિ થાય તો વીજ કચેરી સામે ધરણા કરવાની ચીમકી ઉચ્ચારી હતી.



મોડાસાથી ૫ કી.મી. દૂર આવેલા અને સરકારની જ્યોતિગ્રામ યોજનામાં સમાવિષ્ટ સાકરીયા ગામે છેલ્લા બે મહિનાથી વારંવાર વીજળી ડૂલ થયી જતા પ્રજાજનો પરેશાન થયી ગયા છે. દરરોજ ગમે ત્યારે વીજપુરવઠો ઠપ્પ થયી જાય છે લાઈટ વિના અસહ્ય ગરમી અને બફારામાં ઉકળાટમાં બફાવાનો વારો અને રાત્રીના સમયે અચાનક વીજળીડૂલ થયી જતા ગામલોકોની ઉંઘ હરામ થયી ગયી છે. વરસાદના ટીપા પડતા પહેલા તો વીજળી ડૂલ થયી જાય છે અને ચાર ચાર પાંચ પાંચ કલાકે વીજળી આવતા ગામમાં અંધારપટ છવાઈ જાયછે. સાકરીયા ગામમાં છાસવારે વીજપુરવઠો ખોરવાતા ગામ લોકો દ્વારા વારંવાર મોડાસા યુ.જી.વી.સી.એલ કચેરીમાં ફરિયાદ કરવા છતાં કોઈ અધિકારી ફરિયાદને ધ્યાને ના લેતા ગામ લોકોમાં ઉગ્ર રોષ ભભૂકી ઉઠ્યો હતો અને મંગળવારે મોટી સંખ્યામાં ગામ લોકો મોડાસા યુ.જી.વી.સી.એલ કચેરીએ દોડી આવ્યા હતા અને કચેરીમાં હાજર એન્જીનીયરને આવેદનપત્ર આપી વીજપુરવઠો સતત મળી રહે તે માટે રજુઆત કરી તેમની ફરિયાદ અંગે ઝડપથી નિરાકરણ નહિ આવે તો વીજકચેરી સામે વિરોધ પ્રદર્શન કરી કચેરીમાં ધરણા કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# મહેસાણા જિલ્લા કલેકટર તરીકે પદભાર સંભાળતા એચ.કે.પટેલ

મહેસાણા, તા. ૨૨

રાજય સરકાર દ્વારા મહેસાણા જિલ્લા કલેકટર તરીકે એચ.કે. પટેલની નિમણુંક કરતાં તેમણે ચાર્જ સંભાળી લીધો હતો.



એચ.કે. પટેલ વર્ષ- ૧૯૮૯ બેચના જી.એ.એસ. છે. નાયબ કલેકટર તરીકે સૌ પ્રથમ નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે મહેસાણામાં કામગીરી કરેલ છે.

આઈ.એ.એસ. નોમીનેટ થયા બાદ ગુજરાત મેડીકલ સર્વિસ કોર્પોરેશનમાં એમ.ડી. તરીકે કામગીરી કરી છે. ત્યારબાદ જિલ્લા વિકાસ અધિકારી તરીકે સવા વર્ષથી વધુ બનાસકાંઠામાં સુપેરે કામગીરી કરી છે. દેવભુમિ દ્વારકામાં કલેકટર તરીકે સતત બે વર્ષ અને બે માસ કામગીરી કરી છે. એચ.કે. પટેલે તેમના કાર્યકાળ દરમિયાન સરળ, સૌમ્ય સ્વભાવ અને તેમની કાર્યપ્રણાલીથી લોકચાહના મેળવી છે.

મહેસાણા જિલ્લા કલેકટરે કલેકટર કચેરીની તમામ શાખાઓનું નિરીક્ષણ કરી જરૂરી સુચનો કર્યા હતા. જિલ્લા કલેકટર હાજર થતાં નિવાસી અધિક કલેકટર રમેશ મેરજા સહિત અધિકારીઓ, કર્મચારીઓએ શુભેચ્છા પાઠવી હતી.

જિલ્લા કલેકટર એચ.કે. પટેલે જણાવ્યું હતું કે મહેસાણાની આર્થિક, ભાગૌલિક, સામાજિક પરિસ્થિતિથી સંપૂર્ણ વાકેફ હોવાથી તેમને કલેકટર તરીકે આ અનુભવ કામ લાગનાર છે. જિલ્લામાં સરકારશ્રીની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તે તંત્રની પ્રાથમિકતા હશે. પારદર્શીતા, નિર્ણાયકતા, સંવેદનશીલતા અને વિકાસની ગતિશીલતા સાથે મહેસાણાની ચતુદિશા પ્રગતિ-વિકાસને સમર્પિત સૌના સહયોગથી કામ કરાશે.

# મેઘરજના ઢેકવા ગામે વીજળી પડતા આધેડનુ મોત

મેઘરજ, તા. ૨૨

મેઘરજ તાલુકાના ઢેકવા ગામે રવિવારે વરસાદની સાથે વીજળી પડતાં ૬૨ વર્ષીય આધેડનુ કમકમાટીભર્યુ મોત થતાં સમગ્ર પંથકમાં શોકની લાગણી વ્યાપી હતી.

મેઘરજ તાલુકામાં વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થયો છે ત્યારે રવિવારે બપોરે ઢેકવા ગામે વીજળીના કડાકા સાથે વરસાદ વરસ્યો હતો તે દરમ્યાન સોમા કાળા કટારા ઉ. વર્ષ. ૬૨ બપોરે ત્રણ વાગ્યાની આસપાસ તેમના ઘર આગળ લિંબળાના જાડ નીચે પશુઓ બાંધેલ હોય પશુઓને જોવા ગયા હતા તેવામાં ચાલુ વરસાદે વીજળીનો કડાકો થતાંની સાથે વીજળી લિંબળાના જાડ પર પડતાં સોમાભાઈ વિજળીની જપેટમાં આવિ જતાં સોમાભાઈનુ ઘટનાસ્થળે મોત નીપજ્યુ હતુ.

# ભિલોડા તાલુકામાં દિપડાએ પાંચ પશુઓનું મારણ કરતાં ભારે ફફડાટ

ભિલોડા,તા.૨૨

ભિલોડા તાલુકાના કુંડોલ પાલ ગામના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં વસવાટ કરતા ખુંખાર દિપડાએ પાંચ પશુઓનું મારણ કરતાં પશુપાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ખુંખાર દિપડો વારંવાર પશુઓનું મારણ કરતાં પશુપાલકોને રાત્રે ઉજાગરા કરવાનો વારો આવ્યો છે ત્યારે પ્રજાજનોમાં ભારે ભયની લાગણી પ્રસરી છે.

ભિલોડા તાલુકાના કુંડોલ પાલ ગામના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં ખુંખાર દિપડાએ તાજેતરમાં પાંચ પશુઓનું મારણ કરતાં પશુપાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ખુંખાર દિપડો વારંવાર પશુઓનું મારણ કરતાં પશુપાલકોને રાત્રે ઉજાગરા કરવાનો વારો આવ્યો છે. ખુંખાર દિપડો વારંવાર પશુઓનું મારણ કરતો હોવાના કારણે ભિલોડા વન વિભાગના અધિકારીઓ ધ્વારા દિપડાને ઝડપી લેવા માટે પાંજરૂ મુંકાયું છે પરંતુ આજ દિન સુધી ખુંખાર દિપડો પાંજરે પુરાયો નથી તેમ જાણવા મળેલ છે.

કુંડોલ પાલ ગામના સામાજીક કાર્યકર અશોકભાઈ ડામોર, સુરપાલભાઈ ડામોર સહિત જાગૃત ગ્રામજનોના જણાવ્યા મુજબ કુંડોલ પાલ ગામમાં અંદાજીત ૫૫૦૦ ની વસ્તી ધરાવતું ડુંગરોની વચ્ચે આવેલું ગામ છે. અનિલભાઈ બરંડા,પશુપાલકની બે બકરી, સુરપાલભાઈ ડામોરની એક બકરી, કડવાજી ડામોરનો એક બળદ, એક ગાયનું ખુંખાર દિપડાએ તાજેતરમાં મારણ કરતાં પશુપાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.



ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારોમાં ખુંખાર દિપડા વસવાટ કરતા હોવાના કારણે છેલ્લા કેટલાક સમયથી આતંક દિન-પ્રતિ-દિન વધતાં વારંવાર પશુઓનું મારણ કરતાં ભરવાડો, પશુપાલકો અને ખેડુતોને રાત્રે ઉજાગરા કરવાનો વારો આવ્યો છે. ભરવાડો,પશુપાલકો,ખેડુતો અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ કુંડોલ પાલ સહિત આજુ-બાજુના ગ્રામ્યવિસ્તારોમાં વસવાટ કરતો વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં ભરવાડો, પશુ-પાલકો, ખેડુતો, શ્રમજીવીઓ અને પ્રજાજનોમાં ભારે ભયની લાગણી અનુભવી રહ્યા છે.

# ભિલોડામાં નવા ભવનાથના મેળામાં માનવ મહેરામણ ઉમટ્યો

ભિલોડા,તા.૨૨

ભિલોડાના નવાભવનાથના મેળામાં હૈયે-હૈયું ભીડાય તેટલી માનવ મેદનીના ઘોડાપુર ઉમટ્યા હતા. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ વર્ષોની પરંપરા અનુસાર પવિત્ર પાવન શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારના રોજ શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદીરમાં દર્શનાર્થે ભાવિક ભક્તોના ઘોડાપુર ઉમટ્યા હતા. શિવજીના મંદીરોમાં ભાવિક ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. હાથમતી જલાગાર, ઈન્દ્રાસી જલાગારની વચ્ચે આવેલા શ્રી સ્વયંભુ ભુવનેશ્વર મહાદેવ મંદીર જુનાભવનાથ મંદીર પટાંગણમાં ભાવિક ભક્તોના ઘોડાપુર દર્શનાર્થે ઉમટ્યા હતા. નવા ભવનાથ શ્રી ભુવનેશ્વર મહાદેવ ટ્રસ્ટ, નવા ભવનાથ ગામ સેવા ટ્રસ્ટ સહિત સેવાભાવી કાર્યકરોએ નવા ભવનાથના મેળાને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.



ભિલોડા તાલુકામાં શિવાલયોમાં પવિત્ર પાવન શ્રાવણ માસના છેલ્લા સોમવારે વહેલી પરોઢથી ઠેર-ઠેર શિવાલયોમાં ભાવિક-ભક્તો શિવ મંદીરમાં આરતીમાં ભાગ લઈ બીલીપત્ર, દુધ ચઢાવી ભોળા શંકર ભગવાન શિવ આષુતોષના આશિર્વાદ મેળવવા કતારો લાગી હતી. શિવાલયોમાં ૐ નમઃ શિવાય, બમબમ ભોલે, હર હર મહાદેવના નાદ વહેલી સવારથી ગુંજતા હતા.

ભાતિગળ સંસ્કૃતિમાં લોકમેળાનું પવિત્ર પાવન શ્રાવણ માસના છેલ્લા સોમવારનું વિશેષ મહત્વ જોવા મળ્યું હતું. ભાતીગળ સંસ્કૃતિના દર્શન લોકમેળાઓમાં જોવા મળતા હોય છે. પર્વ, ઉત્સવો, મેળાઓ ભારતીય સંસ્કૃતિના પ્રતિકો છે. આ ઉજવણીથી આનંદ તો મળે સાથે-સાથે શરીરને ઉર્જા મળવાથી સ્ફુર્તી, જોમ આવે છે. પરીણામ સ્વરૂપ શારિરીક અને માનસિક થાક પણ મેળામાં મહાલવાથી ઉતરી જતો હોય છે.

ભિલોડામાં નવા ભવનાથના મેળામાં ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. હૈયે-હૈયું ભીડાય તેવી માનવ મેદની ભિલોડાના હાર્દસમા માર્ગો ઉપર ઠેર-ઠેર કીડીયારા ઉભરાયા હતા. ભિલોડામાં નવા ભવનાથના મેળા દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ. આર. સંગાડા ધ્વારા ઠેર-ઠેર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.